# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસે ઉમેદવારોનો ચૂંટણી કચેરીઓ પર ધમધમાટ.**

2) **ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અગ્રણીઓએ વિજયનો દાવો કર્યો.**

3) **નવસારી, તાપી અને સુરેન્દ્રનગરમાં કેટલીક બેઠકો પર ભાજપ બિનહરીફ મળી.**

4) **રાજ્યમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજ્ય ચુંટણી પંચે આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી.**

5) **IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદએ મુલ્લાનપુર, ન્યુ ચંદીગઢમાં પંજાબ કિંગ્સ ને 220 રનનો લક્ષ્યાંક આપ્યો છે.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# STHANIK SAVRAJYA CHUTANI

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ હોવાથી ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. સવારના 10 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી ભારે ભીડ અને સમર્થકો વચ્ચે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેના કારણે રાજ્યની વિવિધ કચેરીઓમાં ઉમેદવારી પત્રો ભરવાનો ધમધમાટ જોવા મળી હતો. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અન્ય પક્ષો સહિત કેટલાક અપક્ષ ઉમેદવારો ઢોલ નગરા સાથે રેલી કાઢી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. છેલ્લા મળતા અહેવાલ પ્રમાણે અત્યાર સુધી કેટલા ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા તેની સત્તાવાર માહિતી મલી નથી. પરંતુ મોડી રાત્રે કુલ કેટલા ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા તેનું ચિત્ર સ્પષ્ટ થશે.

ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા જીતુભાઈ વાઘાણીએ ભાવનગરમાં દાવો કર્યો હતો કે ભાજપ આ વખતની ચૂંટણીઓમાં પણ વિજય મેળવશે.

**(BYTE : JITUBHAI VAGHANI)**

કોંગ્રેસના પ્રવક્તા ડૉક્ટર મનીષ દોશીએ આકાશવાણી સાથેની વાતચીતમાં દાવો કર્યો હતો કે આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં લોકો કોંગ્રેસને સાથ આપીને વિજય બનાવશે.

**(BYTE : MANISH DOSHI)**

આમ આદમી પાર્ટીના ડેડિયાપડના ધારા સભ્ય અને અગ્રણી ચૈતર વસાવાએ દાવો કર્યો છે કે આમ આદમી પાર્ટી આ ચૂંટણીઓમાં લોકોનો વિશ્વાસ જીતીને વિજય મેળવશે.

**(BYTE : CHAITAR VASAVA)**

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી 26 મી એપ્રિલે રાજ્યની 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લાપંચાયતો તથા 260 તાલુકાપંચાયતોની સામાન્ય ચૂંટણીઓ તેમજ 11 નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલી 13 બેઠકોની પેટા ચૂંટણી યોજાશે. ઉમેદવારીપત્રોની ચકાસણી 13 મી એપ્રિલે અને ઉમેદવારીપત્રો પરત ખેચવાની છેલ્લી તારીખ 15 મી એપ્રિલે છે. જ્યારે તમામ બેઠકોની મત ગણતરી 28 મી એપ્રિલે યોજાશે.

# DISTRICT WISE ELCTION

નવસારી જિલ્લા પંચાયતની 7 બેઠકો માટે 29 ફોર્મ ભરાયા હતા. ભાજપને ગણદેવી તાલુકામાં જિલ્લા પંચાયતની 2 અને તાલુકા પંચાયતની 6 બેઠક ઉપર બિનહરીફ ચૂંટાયા છે. ખાસ કરીને વાંસદા તાલુકા પંચાયતની 28 બેઠકો સામે 111 ઉમેદવારો મેદાનમાં હોવાને કારણે અનેક બેઠકો પર ચતુષ્કોણીય મુકાબલો સર્જાય તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકાની આગામી ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાના અંતે વોર્ડ નંબર 5 માં ભાજપના ચારેય ઉમેદવારો સામે કોઈ અન્ય પક્ષ કે અપક્ષે દાવેદારી ન નોંધાવતા આખી પેનલ સંભવિત બિનહરીફ થશે. મતદાન પૂર્વે જ વિજય નિશ્ચિત જણાતા પક્ષની છાવણીમાં ખુશીનો માહોલ છે.

સુરેન્દ્રનગર જિલ્લાની વઢવાણ તાલુકા પંચાયતની બે બેઠકો પર ભાજપના બે ઉમેદવારો બિનહરીફ થયા છે વઢવાણ તાલુકા પંચાયતની રામપરા બેઠક ના ભાજપના ઉમેદવાર કાનજીભાઈ ચાવડા અને મેમકાની બેઠક ના ઉમેદવાર રેખાબેન મકવાણા બિનહરીફ થયા છે.

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે ઉમેદવારોએ મોટી સંખ્યામાં સમર્થકો સાથે ઉમેદવારી પત્ર ભર્યા હતા.

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકા તેમજ આમોદ નગરપાલિકાની ની 6 વોર્ડની યોજાનારી ચૂંટણીને લઈને આજે આમ આદમી પાર્ટી, કોંગ્રેસ

તેમજ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો મોટી સંખ્યામાં પોતાના સમર્થકો સાથે તાલુકા પંચાયત ની કચેરી ખાતે ઉમેદવારી પત્રકો ભર્યા હતા.

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓને અનુલક્ષીને મહત્તમ મતદાન થાય તથા મતદારોમાં જાગૃતિ આવે તેવા ઉમદા આશય સાથે વહીવટી તંત્ર તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિવિધ 'સ્વીપ' પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

ડાંગ જિલ્લામાં કુલ 18 જિલ્લા પંચાયતની બેઠકો માટે સામાન્ય ચૂંટણી તથા આહવા તાલુકામાં 16 બેઠકો, વઘઇ તાલુકામાં ૧૬ બેઠકો, અને સુબીર તાલુકામાં 16 બેઠકો મળી. કુલ 48 તાલુકા પંચાયતના બેઠકો પર ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આ સાથે જ કોંગ્રેસ,આમ આદમી પાર્ટી તેમજ અન્ય પક્ષના ઉમેદવારો પણ ફોર્મ ભરવા માટે આવ્યા હતા. તો બીજી તરફ સાસુ અને વહુ ભાજપ અને કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યું હતું.

મહીસાગર જિલ્લામાં કુલ 28 જિલ્લા પંચાયતની બેઠકો અને તેના અંતર્ગત આવતી 8 તાલુકા પંચાયતોની કુલ 150 બેઠકો પર આજે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના મુખ્ય રાજકીય પક્ષોના સત્તાવાર ઉમેદવારો શક્તિ પ્રદર્શન સાથે પોતાની દાવેદારી નોંધાવી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયતની 30 જ્યારે મોડાસા નગરપાલિકાની 24 બેઠકો માટે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી, છે.

વલસાડ જિલ્લા પંચાયતની 36 બેઠકો અને 6 તાલુકા પંચાયત ની કુલ  150 બેઠકો પર  ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

છોટાઉદેપુર જિલ્લાની 32 જિલ્લાપંચાયત અને 7 તાલુકાની 150 બેઠકો  તથા બોડેલી નગરપાલિકાના ભાજપના ઉમેદવારોએ આજે ફોર્મ ભર્યું હતું.

બનાસકાંઠાની વાવ થરાદ જિલ્લા પંચાયતની 30 બેઠક પર 115 ફોર્મ ભરાયા છે. જ્યારે 8 તાલુકાની 150 બેઠક પર 512 ફોર્મ ભરાયા છે.
ભાભર નગર પાલિકામાં 6 વોર્ડમાં 54 જ્યારે થરાદ નગરપાલિકામાં 7 વોર્ડમાં 59 ફોર્મ ભરાયા છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# AAP STAR PRACHARAK

આગામી 26 મી એપ્રિલે ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજ્ય ચુંટણી પંચે આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. જેમાં દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્ય મુખ્યમંત્રી ભગવંત માન, પ્રદેશ પરમુખ ઈસૂદાન ગઢવી, ગોપાલ ઇટાલિયા અને ચૈતર વસાવા સહિત કુલ 20 નેતાઓનો સમાવેશ થાય છે.

# NAVSARI ACCIDENT

નવસારી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઇવે નંબર 48 પર આજે ધોળાપીપળા બ્રિજ નજીક બાજુમાં ઊભા રહેલા બાઈક સાથે ટ્રક અથડાતા બે બાઈક સવારનું ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં વેસ્મા આઉટપોસ્ટના પોલીસકર્મીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# BORDER MEETING - TAPI

આગામી તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી અનુસંધાને મહારાષ્ટ્ર રાજ્યના બોર્ડર વિસ્તારને અડીને આવેલા નિઝર ખાતે જિલ્લાઓના પોલીસ અધિકારીઓ સાથે સંયુક્ત બોર્ડર મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિઝરના DYSP આઈ.એન. પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ મિટિંગમાં બોર્ડર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક નજર રાખવા, આંતરરાજ્ય સંકલન મજબૂત બનાવવાની તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મતદારોને મુક્ત, નિષ્પક્ષ અને ભયમુક્ત વાતાવરણ ઉપલબ્ધ થાય તે માટે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તદ્દુપરાંત, બોર્ડર ચેકપોસ્ટોની સઘન ચકાસણી, શંકાસ્પદ વાહનો પર નજર, દારૂ તથા રોકડની હેરફેર અટકાવવા, તેમજ ઇન્ટેલિજન્સ માહિતીના પરસ્પર આદાન પ્રદાન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# REASON FOR SUMMER CROP - JUNAGADH

ખેતીવાડી શાખાએ જણાવ્યું છે કે જુનાગઢ જિલ્લામાં 61 હજાર 126 હેક્ટરમાં ઉનાળુ પાકનું વાવેતર થયું છે. સૌથી વધુ 25 હજાર 13 હેક્ટરમાં તલનું વાવેતર કરવામાં આવ્યું છે આ ઉપરાંત અડદ મગ ઘાસચારો બાજરી અને શાકભાજી સહિત અન્ય કૃષિ જણશોનું પણ નોંધપાત્ર વાવેતર કરવામાં આવ્યું છે. કમોસમી વરસાદ અને વાતાવરણમાં બદલાવ વચ્ચે પણ ખેડૂતોએ ઉનાળુ પાકના વાવેતરમાં જુસ્સો દર્શાવ્યો છે અને આગામી સમયમાં સારામાં સારું કૃષિ ઉત્પાદન થાય તેવા નિર્દેશો મળી રહ્યા છે. નવ તાલુકામાં કુલ 95 ટકા વાવેતર પૂર્ણ થયું હોવાનું ખેતીવાડી અધિકારીએ જણાવ્યું હતું.

# IPL

IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદએ મુલ્લાનપુર, ન્યુ ચંદીગઢમાં પંજાબ કિંગ્સ ને 220 રનનો લક્ષ્યાંક આપ્યો છે. છેલ્લા અહેવાલ મુજબ PBKS એ 15 ઓવરમાં 3 વિકેટે 180 રન બનાવ્યા છે. બેટિંગમાં SRH એ નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 219 રન બનાવ્યા. અભિષેક શર્માએ 28 બોલમાં 74 રન બનાવ્યા, જેમાં આઠ છગ્ગા ફટકાર્યા,. બીજી મેચમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ આજે સાંજે ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે રમશે

# AHMEDABAD PLANE CRASH

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પરથી 12 મી જૂને ઉડાન ભર્યા બાદ તૂટી પડેલા એર ઈન્ડિયા ફ્લાઈટ-171 ના પીડિત બ્રિટિશ નાગરિકોના પરિવારોને બ્રિટનની એર એક્સિડન્ટ્સ ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચ - AAIB તરફથી સ્પષ્ટતા મળી છે કે આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ ભારતની આગેવાની હેઠળ ચાલી રહેલી આ તપાસમાં બ્રિટન માત્ર એક "નિષ્ણાત" તરીકે સામેલ છે અને તેમને આ દુર્ઘટનાનો ટેકનિકલ સમીક્ષા કરવાની કોઈ સત્તા નથી.

9 એપ્રિલે પ્રિન્સિપલ ઇન્સ્પેક્ટર ગેરેન્ટ હર્બર્ટે જણાવ્યું હતું કે, લગભગ 10 પરિવારોના સંપર્ક બાદ આ સ્પષ્ટતા કરવામાં આવી છે. બ્રિટનના નાગરિકોએ જીવ ગુમાવ્યા હોવાથી બ્રિટનને માત્ર નિષ્ણાતનો દરજ્જો મળ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમની ટીમ અકસ્માત સ્થળની મુલાકાત લઈ શકે છે અને અંતિમ અહેવાલ મેળવી શકે છે, પરંતુ તપાસના ટેકનિકલ પાસાઓ પર તેમને કોઈ સીધો અધિકાર નથી.

AAIB એ પરિવારોને ચેતવણી આપી છે કે પ્રારંભિક તારણોને અંતિમ માનવા જોઈએ નહીં, કારણ કે વધુ તપાસ બાદ વિગતો બદલાઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે 12 જૂનના રોજ લંડન જઈ રહેલું બોઈંગ 787 વિમાન અમદાવાદ વિમાનીમથક પરથી ઉડાન ભર્યા બાદ તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં 53 બ્રિટિશ નાગરિકો સહિત વિમાનમાં સવાર 260 લોકો અને જમીન પર રહેલા 19 લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.